સી.પી.એડ અભ્યાસક્રમ-દ્વિતીય વર્ષ
નવા અભ્યાસક્રમની મંજુરી.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીએસઇ-૧૪૨૦૦૦-૫૬૮-ન,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫-૩-૨૦૦૦

વંચાણે લીધા:-

૧) શિક્ષણ વિભાગનો તા.૯-૧૨-૯૮નો ઠરાવ ક્રમાંક:પીએસઇ-૧૦૯૮-૨૨૧૭-ન

૨) શિક્ષણ વિભાગનો તા.૧-૫-૯૯નો ઠરાવ ક્રમાંક:પીએસઇ-૧૪૯૯-૫૪૩-ન,

૩) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરનો તા.૨-૩-૨૦૦૦નો પત્ર ક્રમાંક:જીસીઇઆરટી-શા.શિ.-૯૯-૨૦૦૦-૫૮૨

ઠરાવ:-

આ વિભાગના ઉપર ક્રમાંક:૧ સામે દર્શાવેલ ઠરાવથી સી.પી.એડ, અભ્યાસક્રમની પ્રવેશ લાયકાત સુધરતાં, સી.પી.એડ અભ્યાસક્રમનો પ્રથમ વર્ષનો ક્ષમતાલક્ષી અભ્યાસક્રમ આમુખ ક્રમાંક:૨ અનુસાર ૧૯૯૯-૨૦૦૦ના વર્ષથી મંજુર કરવામાં આવેલ હતો.

૨. સી.પી.એડ અભ્યાસક્રમની પ્રવેશ લાયકાત સુધરતાં ચાલુ સાલે સી.પી.એડ અભ્યાસક્રમ માટેનો બીજા વર્ષનો ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-૨૧, ગાંધીનગર તરફથી સરકારશ્રીમાં મંજુરી અર્થે રજૂ કરવામાં આવેલ હતો. કાળજીભરી વિચારણાને અંતે સી.પી.એડ અભ્યાસક્રમના બીજા વર્ષના ક્ષમતાકેન્દ્રી અભ્યાસક્રમને આથી સરકારશ્રી તરફથી મંજુરી આપવામાં આવે છે.

૩. સદરહુ અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષથી અમલમાં મુકવાનો રહેશે. અને તે સંદર્ભના મોડયુલ્સ તથા પાઠ્યપુસ્તકો નવુ શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પહેલાં દરેક સંસ્થાએ તથા સંસ્થાઓના તાલીમાર્થીઓને નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગરે પુરા પાડવાની તકેદારી રાખવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
(એસ.એસ.પારેખ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

કમિશનરશ્રી (સ્કુલ્સ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

..૨..